જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૧/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૦૫૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૫૩ | ૭ | ૧૦૮૬૦ | ૧૬૯૯૦ | ૮ | ૧૬૯૯૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૨૮ | ૧૫ | ૪૪૪૩ | ૫૯૪૮ | ૧૫ | ૫૯૬૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૨૫૦ | ૧૪૫ | ૧૬૩૯૫ | ૧૭૧૨૬ | ૧૬૬ | ૧૭૨૯૨ |
| કુલ | | ૩૧૫૮૬ | ૧૬૭ | ૩૧૭૫૩ | ૪૦૨૯૮ | ૧૮૯ | ૪૦૪૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૨ | ૧૦,૫૨,૮૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૧૨ | ૧૩,૧૨,000/- |

# મોબાઇલ સ્નેચીંગ/ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## ત્રણ આરોપીઓને મોબાઇલ ફોન- ૫ તથા મોટર સાયકલ સાથે પકડી કુલ ૦૫ મોબાઇલ સ્નેચીંગ/ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મોબાઇલ સ્નેચીંગ/ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.ધીરજકુમાર લક્ષ્મણભાઇ તથા હે.કો.મેહુલકુમાર જયંતીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સારંગપુર સર્કલ બ્રીજ પાસેથી આરોપીઓ (૧) અમનખાન સ/ઓ બાબુખાન રઉફખાન પઠાણ ઉ.વ.૨૦ રહે: બ્લોક નં.૧૧૪ મ.નં.૧૯૯૧ સુંદરમનગર મરીહારની પાછળ મોટા એરીયા બાપુનગર અમદાવાદ શહેર (૨) ફૈસલ ઉર્ફે બાબો સ/ઓ જીઆઉલ રહેમાન કલીમુદ્દીન અંસારી ઉ.વ.૨૦ રહે: મ.નં.૨૦૦૯ બ્લોક નં.૧૧૫ સુંદરમનગર મરીહારની પાછળ મોટા એરીયા બાપુનગર અમદાવાદ શહેર (૩) મોહંમદ તોહીદ સ/ઓ જાવેદ હુસૈન અહેમદ હુસૈન શેખ ઉ.વ.૨૦ રહે: મ.નં.૧૯૧૫ બ્લોક નં.૧૧૦ સુંદરમનગર મરીહારની પાછળ મોટા એરીયા બાપુનગર અમદાવાદ શહેર નાઓને (૧) એક એચ.ટી.સી કંપનીનો મોબાઈલ ફોન કિં.રૂ.૫૦૦૦/- (૨) આશુષ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂ.૪૦૦૦/- (૩) સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂ.૫૦૦૦/- (૪) ઓપ્પો કંપનીનો એ-૫ મોડલનો મોબાઇલ ફોન કિંમત રૂ.૫૦૦૦/- (૫) વીવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂ.૭૦૦૦/- તથા ગુનામાં વપરાયેલ (૬) હોન્ડા સાઈન મોટર સાયકલ કિરૂ. ૫૦,૦૦૦/- ની મત્તાનું મળી કુલ કિં.રૂ. ૭૬૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીઓને તા.૨૫/૧૧/૨૦૨૦ ના કલાક ૧૬/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે કબ્જે લીધેલ મુદામાલ બાબતે બાપુનગર તથા કાગડાપીઠ પો.સ્ટે ના ગુન્હાઓ શોધાયેલ છે.

### આરોપીઓનો પુર્વ ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી નં.(૧) અમનખાન બાબુખાન પઠાણ ૨૦૧૯ માં ઓઢવ પોલીસ સ્ટેશનમાં બે મોબાઈલ ફોન લુંટના ગુનામાં પકડાયેલ છે.

## કુલ્લે ૦૫ ગુન્હાઓ આચરેલ હોવાની કબુલાત

(૧) બે માસ અગાઉ સારંગપુર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામે રોડ ઉપર એક ઈસમના હાથમાંથી મોબાઈલ ફોન લુંટી લીધેલ.

(૨) પચ્ચીસ દિવસ અગાઉ બાપુનગર મલેકશા બાબાની દરગાહમાંથી એક ભાઈનો આસુસ કંપનીનો મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૩) અઢી માસ અગાઉ રાત્રિના સમયે બાપુનગર સુંદરમનગર ભવાની ચોક ખાતે એક મકાનમાંથી ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન ચોરી કરેલ.

(૪) પંદરેક દિવસ અગાઉ સુંદરમનગર રોડ ઉપર એક લગ્ન પ્રસંગમાંથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોનની ચોરી કરેલ.

(૫) એક વર્ષ અગાઉ બાપુનગર અંબિકાનગર જીવન સોસાયટીની પાછળ રોડ ઉપરથી એક ઈસમનો વીવો કંપનીનો મોબાઈલ ફોનની લુંટ કરેલ.

## શોધાયેલ ગુન્હા

(૧) બાપુનગર પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૦૧૧૯૪/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૨) બાપુનગર પો.સ્ટે એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૦૧૧૯૯/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ

(૩) કાગડાપીઠ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૩૩૧/૨૦ ધી ઈ.પી.કો. ૩૭૯(એ)૩ મુજબ

ઉપરોકત આરોપીઓએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુના આચરેલ છે કે કેમ? તે બાબતે તેઓની પુછપરછ ચાલુ છે.



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક મો.સા.ચોરને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી **જે.આર.પટેલ** સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ તાજેતરમાં વાહન ચોરીના ગુન્હાઓ બનવા પામેલ હોય તે સારૂ આજરોજ તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ ક.૧૩/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૩/૪૫ વાગે કૃષ્ણનગર નોબલ સ્કુલ આગળ આવતા સાથેના **લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **એક ઇસમ કે જેણે શરીરે મહેંદી કલરનો શર્ટ તથા ક્રિમ કલરનું સાદુ પેન્ટ પહેરેલ છે જે ઇસમ એક કાળા કલરનું જેની આગળ-પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી જે હોન્ડા સાઇન મો.સા.લઇને શિવ એપાર્ટમેન્ટ તરફથી નોબલ સ્કુલ આગળથી પસાર થનાર છે તે હોન્ડા સાઇન મો.સા. છળકપટ કે ચોરી થી મેળવેલ હોય** " જે બાતમી આધારે સદરી ઇસમને સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી વોચમાં રહી ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ ઉપરોકત બાતમી વાળી નંબર પ્લેટ વગરની ગાડી સદરી જગ્યાએ શિવ એપાર્ટમેન્ટ બાજુથી નોબલ સ્કુલ તરફ આવતા કોર્ડન કરી રોકી લઇ પંચોની હાજરીમાં ગાડી કબ્જે કરી તેને પૂછતા આજથી પાંચેક દિવસ પહેલા પોતે રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાની આસ-પાસ નિકોલ બેટી બચાવ ગાર્ડન ખાતે થી ચોરી કરેલ હોવાનું જણાવેલ અને ચોરી બાબતે નિકોલ પો.સ્ટે ખાતે ખરાઇ કરતા સદરી મો.સા. બાબતે **નિકોલ પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૫૨૦૧૨૧૮/૨૦૨૦ ઘી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબથી** ગુન્હો દાખલ થયેલ હોય જેથી મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી આરોપીની કોરોના ની સારવાર કરાવી તેને ક.૧૫/૧૦ વાગે CRPC કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી મુદ્દામાલ સી.આર.પી.સી.કલમ-૧૦૨ મુજબ પંચનામાં વિગતે કબ્જે કરી નિકોલ પો.સ્ટે વર્ધી લખાવી વાહન ચોરીનો **ગુન્હો ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી સારી કામગીરી** કરેલ છે તા.૨૭/૧૧/૨૦૨૦

## આરોપીનું નામ-સરનામુ:-

વિશાલ સ/ઓ ઓમપ્રકાશ રામનારાયણ જાતે યાદવ ઉ.વ.૧૯ ધંધો-નોકરી રહે,મ.નં-ઇ/૨૩, વિભાગ-૦૨ પાશ્વનાથ ટાઉન શીપ પુંજા હોસ્પીટલ ની ગલીમાં કૃષ્ણનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ:-**

એક કાળા કલરનું પેશન પ્રો મો.સા.નં-GJ-27-AJ-7883 નું જેનો ચે.નં-MBLHA10BJEHK13083 તથા એ.નં-HA10ETEHK32010 નું સને ૨૦૧૪ ના મોડલનુ જેની કિ.રૂ.૨૦,000/-ની ગણી શકાય તે

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ વિનોદભાઇ ગાંડાભાઇ બ.નં-૪૯૭૨ તથા લોકરક્ષક મહાવીરસિંહ ધિરૂભા બ.નં-૫૭૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે

આરોપીનો ફોટો



## નરોડા પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન "વાહન ચોરીના" એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી - નરોડા સર્વેલંસ સ્ક્વોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૦૨૫૯૫/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામના આરોપી દર્શન @ ધનીયો રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૨ ધંધો-બેકાર રહે મફતનગરના છાપરા,દેવી સિનેમા પાસે, નરોડા,અમદાવાદ મુળ વતન ગામ-સનેસડા તા-ભાભર જી-બનાસકાંઠા નાને ઉપરોક્ત ગુનામાં ચોરી થયેલ એક હિરો સ્પ્લેંડર મો.સાનં GJ18DB7376 નુ જેનો ચેચિસ નં-MBLHAR084J5E30468 તથા એન્જિન નં.HA10AGJ5E13141 નો છે જેની હાલની કિંમત રૂ.૩૫૦૦૦/- સાથે પકડી લઇ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૭/૧૧/૨૦૨૦

### આરોપીનુ નામ

દર્શન @ ધનીયો રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૨ ધંધો-બેકાર રહે મફતનગરના છાપરા,દેવી સિનેમા પાસે, નરોડા,અમદાવાદ મુળ વતન ગામ-સનેસડા તા-ભાભર જી-બનાસકાંઠા

### આરોપીનો ગુનાહીત ઇતીહાસ.


(૧) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૧૩/૨૦૧૮. ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ
(૨) સરદારનગર પોલીસ સ્ટેશન પોહી.ગુ.ર.નં-૭૩૭/૨૦૧૭ પ્રોહી કલમ ૬૬(બી) ૬૫ એ મુજબ
(3) નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૦૨૫૯૫/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

**મુદ્દામાલ** – એક હિરો સ્પ્લેંડર મો.સાનં GJ18DB7376 નુ જેનો ચેચિસ નં-MBLHAR084J5E30468 તથા એન્જિન નં.HA10AGJ5E13141 નો છે જેની હાલની કિંમત રૂ.૩૫૦૦૦/-

<u>**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**</u>

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કોન્સ વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા તથા એલ.આર.અભીષેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.



# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પેટ્રોલિંગ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેશ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ ક.૨૦/૦૫ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૦/૪૦ વાગે જી.ડી.ચાર રસ્તા ગંગા એપાર્ટમેન્ટ ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ વિનોદભાઇ ગાંડાભાઇ તથા અ.લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ નાઓએ સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે " જી.ડી.રોડ ઉપર આવેલ હનુમાનજીના મંદિર પાસે આવેલ અવધ એસ્ટેટ ના ધાબા ઉપર બનાવેલ એક ઓરડી ની અંદર કેટલોક ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો પડેલ છે અને ત્યા એક ઇસમ હાજર છે અને તે ઇંગ્લીસ દારૂનો જથ્થો સગેવગે કરવાની ફિરાકમાં છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી રેઇડ કરી અવધ એસ્ટેટના ધાબા ઉપર આવેલ ઓરડીમાંથી Officers Choice classic whisky FOR SALE IN RAJASTHAN ONLY ભારતીય બનાવટની ઇગ્લીસ દારૂની પેટીઓ નંગ-૦૪ તથા અવધ એસ્ટેટ ની નીચે ફોર વ્હીલર ગાડીની અંદર થી પેટીઓ નંગ-૦૫ મળી કુલ્લે પેટીઓ નંગ-૦૯ જે પેટીઓની અંદરની ૭૫૦ એમ.એલ.ની કાચની બોટલ નંગ-૧૦૮ કિ.રૂ.૫૪,૦૦૦/- તથા અન્ય મુદ્દામામ મળી કુલ્લે કિ.રૂ.૫,૦૫,૩૮૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નંબર-૦૧ મળી આવી તથા આરોપી નં-૦૨ નાનો નહી મળી આવતા તપાસ ચાલુ રાખી ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબની કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીબીશન નો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૭/૧૧/૨૦૨૦

**આરોપીઓના નામ** :-

પ્રશાંત સ/ઓ છગનભાઇ અંબાલાલ જાતે પરમાર ઉ.વ.૨૫ રહે,મ.નં-૦૪,ચામુંડા સોસાયટી પ્રભાકર ટેનામેન્ટ ની સામે જી.ડી.હાઇસ્કુલ રોડ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-લાલપર તા-વાંકાનેર જીલ્લો-મોરબી

**(નહી મળી આવેલ વોન્ટેડ)** આરોપી દિલીપભાઇ કાંતીભાઇ પરમાર રહે,મ.નં-૩૦,નારાયણનગર સોસાયટી કુબેરેશ્વર મહાદેવ સૈજપુર બોઘા નરોડા રોડ અમદાવાદ શહેર

## મુદ્દામાલ :-

ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો કુલ્લે ૦૯-પેટી(બોક્ષ) કુલ્લે-૧૦૮ નંગ કુલ્લે કિ.રૂ.૫૪,૦૦૦/-તથા સ્વીફટ ફોર વ્હીલર ગાડી RTO NO-GJ-01-RB-4590 ની કિ.રૂ.૪,૨૦,૦૦૦/-તથા એકસેસ મો.સા.RTO NO-GJ-01-VA-5105 નું કિ.રૂ.૩૦,૦૦૦/-તથા સ્વીફટ ફોર વ્હીલર ગાડીમાંથી મળી આવેલ કાગળો કિ.રૂ.૦૦/૦૦ તેમજ મળી આવેલ આરોપીના અંગજડતીમંથી સેમસંગ કપનીનો મો.ફોન કિ.રૂ.૫૦૦/-તથા તેની અંગજડતીના નાણા રોકડ રૂ.૮૮૦/-મળી કુલ્લે કિ.રૂ.૫,૦૫,૩૮૦/-નો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**સર્વેલન્સ શ્રી વી.એમ.ગોહિલ** તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ ભીખુભા બ.ન.૭૦૭૯ તથા અ.પો.કોન્સ વિનોદભાઇ ગાંડાભાઇ બ.નં-૪૯૭૨ તથા અ.પો.કોન્સ યોગેશકુમાર નરસિંહભાઇ બ.નં-૧૦૦૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.લોકરક્ષક મહાવીરસિંહ ધીરૂભા બ.ન.૫૭૮ તથા અ.લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા બીજા સ્ટાફના માણસો






# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ ઉમરાવખાન ઉર્ફે જાડીયો સમદખાન બલોચ ઉ.વ.૩૫ રહે:ગામ:બુડાસણ બલોચવાસ હુસેના મસ્જીદની બાજુમાં કડી તા.કડી જી:મહેસાણા મુળ ગામ.ટુવડ તા.હારીજ જી.પાટણના વિરુદ્ધ (૧) શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૯૨/૧૯ ઈ. પી. કો ૩૭૯, ૧૧૪ મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૨૪/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૩) શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૮૮/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૪) શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯૪/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૨૨૧/૨૦૨૦ તા.૨૬/૧૧/૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૬/૧૧/૨૦૨૦ ના કલાક:૨૦/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ, પાલારા ભુજ ખાતે મોકલી આપેલ.

## આરોપીનુ નામ:-

ઉમરાવખાન ઉર્ફે જાડીયો સમદખાન બલોચ ઉ.વ.૩૫ રહે:ગામ:બુડાસણ બલોચવાસ હુસેના મસ્જીદની બાજુમાં કડી તા.કડી જી:મહેસાણા મુળ ગામ.ટુવડ તા.હારીજ જી.પાટણ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૩) અ.હે.કો રવીન્દ્ર ગંગારામ

(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ

(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

## ઇસનપુર પોલીસ સ્ટેશન (૧)

## ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ આરોપી મોહંમદફીરોજ ઉર્ફે પિલુ સ/ઓ નજીરભાઇ મોહંમદહુસેન શેખ ઉ.વ ૩૦ રહે,મ.નં ડી/૧૫ પાનવાળી ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૧૨૧૯/૨૦૨૦ તા.૨૬/૧૧/૨૦૨૦ થી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૭/૧૧/૨૦૨૦



## ઇસનપુર પોલીસ સ્ટેશન (૨)

## ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ આરોપી મોહંમદમોહસીન ઉર્ફે ચાચા સ/ઓ ઇસરાફીલ ઇસ્માઇલભાઇ અંસારી ઉ.વ ૩૩ રહે,મ.નં ૨૪ અલસબા પાર્ક સૌરાષ્ટ્ર પેઇન્ટની સામે બીબી તળાવ પાસે વટવા અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપી ને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૧૨૨૦ /૨૦૨૦ તા.૨૬/૧૧/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૭/૧૧/૨૦૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૬૬ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૦/૨૦૨૦**

**સરદારનગરઃ** દેવીલાબહેન ડો/ઓ લક્ષ્મણભાઇ ગાગડેકર (રહે. નવખોલી છારાનગર કુબેરનગર સરદારનગર) એ તા.૨૬/૧૧/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સાહેદ સોનાબહેનના ઓશિકા નિચેથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- અને સોનાના કાનના ઝુમ્મર કિમત રૂપિયા ૩૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૭,૦૦૦/- સાથેની થેલી ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.તોમર ચલાવે છે.

**સોનાનો દોરો ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૯/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** નીકેતાબહેન ચીરાગભાઇ શાહ (ઉ.વ.૪૧) (રહે.સર્વ અવતારી પાર્ક ઘોસા સોસાયટી સામે ઉદગમ સ્કુલની લાઇનમા જયઅંબેનગર થલતેજ) તા.૨૫/૧૧/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે જીવનદીપ સર્કલથી સુરધારા સર્કલ તરફ જતા રોડ પર ક્રીસન્ટ સ્કુલ ચાર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાઇકલ ઉપર આવેલ એક પુરૂષ નીકેતાબહેન શાહના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિકેતાબહેન શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૧/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટઃ** અઝરૂદ્દીન સ/ઓ ગુલઝારહુસેન ખલિફા (ઉ.વ.૨૫) (રહે. ગુલજાર હુસેન ગુલામ આઝાદ ગલી સામે મિરઝાપુર) એ બિમારીથી કંટાળી તા.૨૬/૧૧/૨૦૨૦ કલાક ૯/૨૦ વાગ્યા પહેલા એલિસબ્રિજ પુલ પાસે ઘાટ નંબર-૮ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુદાન અજીતદાન ચલાવે છે.

**શાહપુરઃ** મો.જુબેર અબ્દુલઅઝાક શેખ (ઉ.વ.૩૬) (રહે. મોરકસવાડ બાપુની કિટલી સામે ટોરેંટ પાવરની બાજુમા શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૦ રાતના ૧૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**દરીયાપુરઃ** અશોકકુમાર પાંડુરંગ પેડકર (ઉ.વ.૫૪) (રહે. મોટી લોધવાડ લાડુશાહ પીરની દરગાહ સામે કડીયાનાકા દરીયાપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૨૦૨૦ સવારના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.મેઘા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી